# જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને લુણાવાડા તાલુકાના કોલવણ પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ સુભારંભ કાર્યક્રમ યોજાયો

મહીસાગર,
પ્રજાની લાગણી–માંગણી અને અપેક્ષા પૂર્ણ કરવા આજ રોજથી સમગ્ર જીલ્લામાં સેવા સેતુ કાર્યક્રમનો સુભારંભ થયો છે જે અંતર્ગત લુણાવાડા તાલુકાના કોલવણ પ્રાથમિક શાળા ખાતે જીલ્લા કલેકટર નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને સેવા સેતુ સુભારંભ કાર્યક્રમ યોજાયો.




આ પ્રસંગે જીલ્લા કલેકટર નેહા કુમારીએ જણાવ્યું હતું કે, આજ રોજથી શરૂ થયેલ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત સરકારની વિવિધ વિભાગ અંતર્ગત ૫૫ જેટલી યોજનાનો લાભ ગ્રામજનોને મળી રહે તે માટે સરકાર ઘર આંગણે આવી લાભો આપી રહી છે, તો દરેક લોકોએ સેવા સેતુ કાર્યક્રમમાં આવી આજુબાજુના લોકોને સાથે લાવી લાભ લેવા અપીલ કરી હતી. આ ઉપરાંત આજથી શરૂ થયેલ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ જ્યાં ત્યાં પ્લાસ્ટિક ફેકવી નહી અને લોકો પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃત થઈ સ્વચ્છ સમાજનું નિર્માણ કરીએ.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્ય સાથે આજ રોજ મહીસાગર જીલ્લામાં પણ સેવા સેતુનો સુભારંભ થયો છે. ત્યારે સેવા સેતુ કાર્યક્રમ થકી એક જ જગ્યાએથી વિવિધ યોજનાનો લાભ લોકો લઈ શકશે માટે વધુને વધુ લોકો લાભ લઈ અન્યોને પણ સેવા સેતુનો લાભ લેવા પ્રેરિત કરે જેથી કોઈ પણ વ્યક્તિ લાભથી વંચિત ન રહે.

આ પ્રસંગે જીલ્લા કલેકટર નેહા કુમારી અને ઉપસ્થિત મહાનુભાવોએ વિવિધ સહાય લાભાર્થીઓને અર્પણ કરાયા હતા. ઉપસ્થિત સર્વે લોકોએ સ્વચ્છતા જાગૃતિ અંગે સપથ લીધા હતા અને એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કલેક્ટરએ સ્થળ ખાતે ઉભા કરવામાં આવેલ વિવિધ કેમ્પની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, નાયબ વન સંરક્ષક નૈવિલ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ, સરપંચ, શિક્ષકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વચ્છતા હી સેવા - મહીસાગર જીલ્લો

# મહીસાગર જીલ્લાના લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતે સાંસદના અધ્યક્ષ સ્થાને સ્વચ્છતા હિ સેવા શુભારંભ કાર્યક્રમ યોજાયો

મહીસાગર,
મહીસાગર જીલ્લાના લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતે પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવના અધ્યક્ષ સ્થાને અને જીલ્લા કલેક્ટર નેહા કુમારીની ઉપસ્થિતિમાં સ્વચ્છતા હિ સેવા શુભારંભ કાર્યક્રમ યોજાયો.



આ પ્રસંગે સાંસદ રાજપાલસિંહ જાદવએ જણાવ્યું હતું કે, સ્વચ્છતાની શરૂઆત આપણે આપણા ઘરથી જ કરવી પડશે. જેમ આપણે આપણા ઘર સ્વચ્છ રાખીએ છીએ તેમ આપણે જાગૃતિ નાગરિક તરીકે મંદિર, શાળા અને જાહેર સ્થળો પર સ્વચ્છ રાખી તેની જાળવણી પણ આપણે જ કરવાની છે. સ્વચ્છ સમાજના નિર્માણ માટે સ્વચ્છતા રાખવી ખૂબ જરૂરી છે.

આ પ્રસંગે કલાકારો દ્વારા સ્વચ્છતાનો સંદેશો પ્રસરાવતો નાટ્ય રજૂ કર્યું હતું અને સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

સાંસદ, કલેકટર અને ઉપસ્થિત મહાનુભાવોએ લુણાવાડા બસ ડેપો ખાતે હાથમાં ઝાડુ લઈ સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશો આપ્યો. એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત સાંસદ સહિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું અને ઉપસ્થિત સર્વે લોકોએ સ્વચ્છતા જાગૃતિ અંગે સપથ લીધા હતા.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિધાર્થ, નાયબ વન સંરક્ષક નૈવિલ ચૌધરી, અગ્રણી મુળજીભાઈ રાણા, હિમાંશુભાઈ શાહ, રાજુભાઈ જોશી સહિત સફાઈ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા ૨૦૨૫ માટે ઓનલાઈન આવેદન કરવાની તારીખ વધારીને ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ કરવામાં આવી

મહીસાગર,
જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬ માં (સત્ર ૨૦૨૫–૨૬) પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષાના ઓનલાઈન રજીટ્રેશન ચાલુ છે. ઓનલાઈન રજીટ્રેશન કરવાની અંતિમ તારીખ વધારીને ૨૩.૦૯.૨૦૨૪ કરવામાં આવેલ છે. તો ઉમેદવાર https://www.navodaya.gov.in/ અને https://cbseitms.rcil.gov.in/nvs/ વેબ સાઈટ પર જઈને ફ્રીમાં પોતાનું રજીટ્રેશન કરાવી શકે છે.

## સંતરામપુરમાં ગણેશ વિર્સજન યાત્રામાં ચુસ્ત બંદોબસ્ત યોજાઈ



સંતરામપુર,
સંતરામપુરમાં દુધાળા દેવોની ભાવભાવ વિદાય સંતરામપુર નગરમાં આજે પોલીસના ચુસ્ત બંદોબસ્ત શ્રીજીની શોભાયાત્રા કાઢીને ગણેશ વિસર્જન કરાયું. સંતરામપુર નગરમાં બાપા મોરિયાના નામ સાથે સંતરામપુર નગર ગુંજી ઉઠ્યું હતું. નાના–મોટા થઈને આશરે સંતરામપુર સંત જુના તળાવમાં ૩૦ થી ૩૫ શ્રીજીની વિસર્જન કરવામાં આવશે. આજે સંતરામપુરમાં ભોઈવાડા વિસ્તાર માંથી તમામ ગણપતિ એકઠા થઈને ડીજેના તાલ સાથે બાપા મોરિયા અગલે પર જલદી આના વિશાલ સંખ્યામાં શોભાયાત્રા કાઢવામાં આવેલી હતી અને ગણેશ વિસર્જનનું આયોજન કરવામાં આવેલું હતું. આ શોભાયાત્રામાં ઉત્સાહભેર ભકતો જોડાયા હતા. વિવિધ મંડળ દ્વારા ગુલાલની છોડો વચ્ચે નીકળી યાત્રાનું હુસેની ચોકમાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવેલું હતું અને ઠંડા પીણાની પણ વ્યવસ્થા કરવામાં આવેલી હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ભોઈવાડા, હુસેની ચોક, પીપળી ફરિયા, મોટા બજાર, નવા બજાર, ગોધરા ભાગોળ, લુણાવાડા રોડ, સંત જૂના તલાવડી પ્રસ્થાન કરીને વહીવટી તંત્ર દ્વારા વિસર્જન માટેની વ્યવસ્થા કરવામાં આવેલી હતી. પોલીસે સતત ચારે બાજુ ચાંપતી નજર રાખીને ગણેશ વિસર્જનના કાર્યક્રમને સફળ બનાવેલો હતો. જ્યારે કેટલાક ભક્તોએ ઘરે સ્થાપના કરવી ગણપતિની મૂરત પ્રમાણે પોતાની રીતે આજે વિસર્જન કરવા ગયા હતા. વિવિધ વિસ્તારોમાં ચા–નાસ્તો પૌવા પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવેલી હતી.

## દિવાળીના તહેવારો દરમ્યાન કપડવંજ તથા કઠલાલ તાલુકા માટે દારૂખાનાનું સંગ્રહ

નડિયાદ,
ઓકટોમ્બર ૨૦૨૪થી શરૂ થતા દિવાળીના તહેવારો દરમ્યાન કપડવંજ તથા કઠલાલ તાલુકા માટે દારૂખાનાનું સંગ્રહ તથા વેચવા માટેના હંગામી પરવાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કપડવંજની કચેરી, તાલુકા સેવા સદન, કપડવંજ ખાતેથી આપવામાં આવશે. જે માટે ઈચ્છુક અરજદારોએ તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૧૬/૧૦/૨૦૨૪ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથેની અરજીઓ ત્રણ નકલમાં સબંધિત મામલતદાર કચેરી ખાતે રજૂ કરવાની રહેશે। જીલ્લાના અરજદારોની સવલત ખાતર ફોર્મ એ.ઈ.–૫ની અરજીના નમૂના જે તે તાલુકાની મામલતદાર કચેરીમાં મોકલી આપવામાં આવેલ છે. જેથી દૂરના અને ગ્રામ્ય વિસ્તારના અરજદારોએ તેમના તાલુકાની મામલતદાર કચેરીનો સંપર્ક સાધવો.

અરજી નિયત નમૂના ફોર્મ એ.ઈ.–૫ ની ઉપર રૂ.૩/–ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી તેની ત્રણ નકલમાં સબંધિત મામલતદારની કચેરીએ તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૧૬/૧૦/૨૦૨૪ સુધીમાં કરવાની રહેશે. તેમજ અરજી સાથે ૦૦૭૦ O.A.S. સદરે રૂ.૭૦૦/– (રૂા.૨૦૦/– તપાસણીના તેમજ રૂ.૫૦૦/ દારૂખાનું રાખવાનો પરવાનો અંગેની ફી) પરવાના ફી પેટે ચલણથી જમા કરાવી તેનુ અસલ ચલણ; ધંધાના સુચિત સ્થળની ૧૫ મીટરની ત્રીજયામાં આવેલ અન્ય દુકાનોના ધંધાના પ્રકાર, શાળા, કોલેજો, હોસ્પિટલો, સળગી ઉઠે તેવા પદાર્થોનું ગોડાઉન, પેટ્રોલપંપ કે રક્ષિત ઈમારતો આવેલી હોય તો તેની સ્પષ્ટ વિગતો દર્શાવતો નકશો(શહેરી વિસ્તારમા નગરપાલિકા દ્વારા પ્રમાણિત કરેલ તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા પ્રમાણિત કરેલ); જગ્યાની માલિકી બાબતના પુરાવા, ભાડાની દુકાન હોય તો ભાડા કરાર (નોટરાઈઝડ અથવા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂનો ભાડાકરાર) અને ભાડે દુકાન આપનાર માલીકનો રૂ.૫૦/–ના સ્ટેમ્પ પેપર પર સંમતિ જવાબ; ગ્રામ પંચાયતમાં (તલાટી ક્રમ મંત્રી તથા સરપંચની સહી વાળુ) તથા નગરપાલિકામાં(ચીફ ઓફીસર તથા પ્રમુખની સહી વાળું) ''ના વાંધા પ્રમાણપત્ર(એન.ઓ.સી)''; ફાયર સેફટીની વ્યવસ્થા અંગેનું ફાયર ઓફીસરનું પ્રમાણપત્ર તથા ધંધાના સ્થળ ૬ ડ ૪ની સાઈઝના ૩ ફોટોગ્રાફ વગેરે તમામ આધાર પુરાવા નિયત અરજી સાથે રજુ કરવાના રહેશે.

તા.૧૬/૧૦/૨૦૨૪ બાદ મળેલ અરજીઓ તથા અધુરી વિગતો વાળી અરજીઓ વિચારણાનામાં લેવામાં આવશે નહી. જેની નોંધ લેવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કપડવંજ દ્વારા જણાવાયુ છે.



મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના હાડા ના મુવાડા ગામે ભક્તિ ભાવપૂર્વક ડીજેના તાલે ગણપતિ વિસર્જનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભાવીભક્તો જોડાયા હતા અને આખા ગામમાં ગણપતી બાપ્પા મોરયાના નામ ગુજ્યા હતા અને ગામમાં ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો અને નજીકમાં આવેલ મહીસાગર નદીમાં ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું

## લુણાવાડા આદર્શ એજ્યુકેશન કેમ્પસ ખાતે શાળા સંચાલક મહામંડળના માન્ય ઉમેદવાર ડો. જે.વી. પટેલની પ્રચાર બેઠક યોજાઈ



લુણાવાડા,
આદર્શ એજ્યુકેશન કેમ્પસ લુણાવાડા ખાતે રાજ્ય શાળા સંચાલક મહામંડળ અને મહીસાગર જીલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની ચૂંટણી અન્વયે મહામંડળના માન્ય ઉમેદવાર ડો.જે.વી.પટેલની પ્રચાર બેઠક યોજાઈ. આ પ્રસંગે મહીસાગર જીલ્લામાંથી વહીવટી સંવર્ગમાંથી બિનહરીફ ઉમેદવાર વિનોદભાઈ પટેલનો સત્કાર કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં મહામંડળ માંથી પ્રમુખ ડો.શંકરસિંહ રાણા, અધ્યક્ષ ભાસ્કરભાઈ પટેલ, દિલીપભાઈ ચૌધરી, એ.કે ભરવાડ, પી.ડી.સોલંકી સહિત હોદ્દેદારો તેમજ જીલ્લાના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહી ડો.જે.વી.પટેલના મતદાન માટેઅપીલ કરી હતી. મહીસાગર શાળા સંચાલક મંડળના પ્રમુખ એસ.કે. પટેલ, અધ્યક્ષ કનુભાઈ પટેલ, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, રાજ્ય સહમંત્રી અને જીલ્લા મહામંત્રી ઋષિરાજ પંડ્યા,મહામંત્રી નરેન્દ્રસિંહ, સહિત હોદ્દેદારોએ જીલ્લામાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત શાળા સંચાલકોનો આભાર માની સો ટકા મતદાનની અપીલ કરી હતી.

## જીલ્લા ન્યાયાલય, નડીઆદ ખાતે લોક અદાલતનું ઝળહળતું પરીણામ

નડીઆદ,
રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી દ્વારા લોક અદાલતના નિર્ધારિત વાર્ષિક કાર્યક્રમ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં આદેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, નડીઆદનાં ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ એન.એ. અંજારીઆના અધ્યક્ષપણા અને માર્ગદર્શન હેઠળ તા.૧૪/૦૯/૨૦૨૪, શનિવારના રોજ જીલ્લા ન્યાયાલય, નડીઆદ મુકામે આવેલ કોર્ટો સહિત ખેડા જીલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત કોર્ટો ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ. આ તા.૧૪/૦૯/૨૦૨૪ના રોજની નેશનલ લોક અદાલત અગાઉ વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરી શકાય તેવા ઉમદા હેતુસર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય નડીઆદના ફૂલ ટાઈમ સેક્રેટરી ડી.બી. જોષીએ લોક અદાલતના લાભો વિષે માહિતી આપી જણાવ્યું હતું કે, લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે, લોક અદાલતમાં કેસનો નિકાલ થવાથી બંને પક્ષકારોને ઘરે દીવો પ્રગટે છે, લોક અદાલતમાં કેસોનો નિકાલ–ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી, કોર્ટ ફીની રકમ કોર્ટ ફી એક્ટ મુજબ પરત મળવાપાત્ર છે, અન્ય કોઈ ખર્ચ થતો નથી જેથી વધુમાં વધુ લોકો લાભ લે તેવી અપીલ કરી હતી.




જેનાં સાર્થક પરિણામ સ્વરૂપ આ નેશનલ લોક અદાલતમાં કોર્ટોમાં ચાલી રહેલાં પેન્ડિંગ કેસોનાં નિકાલમાં જવલંત પરીણામ મળેલ છે. જેમાં મોટર વાહન અકસ્માત વળતરના ૧૮૯ કેસોમાં રૂ.૧૦,૪૧,૦૭,૦૦૦/– નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ૧૩૮ ના ચેક રિટર્નના ૭૪૦ કેસોમાં રૂ.૧૧,૫૭,૮૫,૮૦૬/–, એન.સી. પ્રકારનાં ૭૫૩ કેસો, સ્પેશીયલ સીટિંગ ઓફ મેજીસ્ટ્રેટ કોર્ટમાં લાગુ પડતાં ૧૯૦૪ કેસો, બેંક/મની રિકવરીના ૪૯ કેસોમાં રૂ.૧,૪૮,૪૩,૫૭૧/–, લગ્નવિષયક દાવાઓના ૩૭ કેસોમાં રૂ.૨,૪૮,૦૫૦/–, વીજળી–પાણી બિલ લેણાંનાં ૫૦૩ કેસોમાં રૂ.૧,૧૨,૮૭,૮૧૧/–, અન્ય સિવિલ દાવાઓનાં ૧૦૪ કેસોમાં રૂ.૧,૭૨,૭૮,૬૯૯/–, સમાધાનલાયક તથા અન્ય ક્રિમીનલ કેસોના ૧૦૯ કેસોમાં રૂ.૧,૨૮,૭૦,૫૭૦/– તથા ફેમિલી કોર્ટના ૨૧૭ મળીને ૪૬૦૨ કેસોમાંથી ૧૦ વર્ષ જુના કુલ–૫૦ કેસો જેટલાં પેન્ડિંગ કેસોની સાથે રાષ્ટ્રીયકૃત બેંકો, મધ્ય ગુજરાત વીજ કંપની, અન્ય નાણાકીય સંસ્થાઓનાં લેણી રકમના કોર્ટમાં દાખલ નહીં કરાયેલ તેવા પ્રિલિટિગેશન પ્રકારનાં ૮૩૪ કેસોમાં રૂ.૩,૫૦,૬૬,૪૩૪/– સહિત કુલ રૂ.૩૧,૧૪,૮૭,૯૪૧/– ની રકમનાં સમાધાન વળતરનાં કેસો, તથા ટ્રાફીક નિયમ ભંગને લગતાં ટ્રાફીક ચલણનાં ૩૪૪૦ કેસોમાં રૂ.૨૯,૭૫,૩૦૦/– ની રકમ દંડ પેટે સરકાર ખાતે વસુલાત લઈને ૩૧ કરોડથી વધુ સમાધાન–વળતરનાં કુલ–૮૮૭૯ કેસોનો નિકાલ કરવામાં આવ્યો.આ લોક અદાલતમાં ન્યાયાધીશઓ, કર્મચારીગણ, વકીલઓ, બેંકો, વીમા, ફાયનાન્સ કંપનીઓ, એસ.ટી. નિગમનાં પ્રતિનિધિઓ તથા પક્ષકારો સહિત તમામના સહયોગથી ઉત્કૃષ્ટ પરિણામ મળેલ છે. તેવું જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, નડીઆદનાં ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ એન.એ. અંજારીઆની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સંતરામપુર ખાતે વિશ્વ આદિવાસી અધિકાર દિવસે નિમિતે સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાઈ

મલેકપુર,
મહિસાગર આદિવાસી પરિવાર અને આદિવાસી વિકાસ મંડળ સંત–કડાણા દ્વારા ૧૩ મી સપ્ટેમ્બર ''વિશ્વ આદિવાસી અધિકાર દિવસ'' નિમિત્તે તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિર નું આયોજન મહીસાગર જીલ્લાના સંતરામપુર ખાતે ભોઈ સમાજની વાડીમાં યોજવામાં આવેલ હતું. જેમાં જે યુવાનોને શિક્ષણ મેળવ્યા છતાં સરકારી અથવા ખાનગી નોકરી નથી મળી, તેવા બેરોજગાર યુવાનો સરકારી સહાય મેળવવા શું કરવું....? કોને મળવું...? સ્વરોજગારની તકો ઊભી કરી શકે અને ઉચ્ચ શિક્ષણ મેળવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કેવી કરવી તેમ જ કયા ક્ષેત્રમાં કેટલી તકો રહેલી છે. ટેકનીકલ લાઈનો વિગેરે વિષયો પર અલગ અલગ વિષયના તજજ્ઞઓ જે તે ક્ષેત્રમાં ફરજ ફરજ બજાવે છે કે પછી નિવૃત થયેલા છે, તેઓને માર્ગદર્શન આપવા સમાજહિતમાં નિમંત્રણ પાઠવી બોલાવવામાં આવ્યા હતા. પધારેલ તજજ્ઞો એ યુવાનોનો ઉત્સાહ જોઈને ભરપૂર માહિતી પૂરી પાડી હતી.

સ્વરોજગાર સેમીનારમાં મહીસાગર જીલ્લાના આદિવાસી સમાજના આશાસ્પદ યુવાન ભાઈઓ બહેનો તેમજ અન્ય સમાજ હિતેચ્છુઓ મળી લગભગ ૩૦૦ કરતાં વધારે સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ મેળવેલ હતો.

આદિવાસી વિકાસ મંડળ સંત–કડાણા યુવાનોને સાચી દિશામાં લઈ જઈ તેમનામાં છુપાયેલી કુશળતાને સાચી દિશામાં ઉપયોગ કરી બેરોજગાર ના બેસી રહે તે માટે સમયાંતરે સેમીનાર કરી માર્ગદર્શન આપવામાં આવે છે.

તજજ્ઞઓ એ મંડળના સભ્યો પોતાના કામમાં વ્યસ્ત હોવા છતાં સમાજની ચિંતા કરી સમાજ હિતની કામગીરી કરે છે, તેને બિરદાવી હતી.

આદિવાસી વિકાસ મંડળની રચના સને ૨૦૦૫ માં થઇ ત્યારથી સમાજના ઉત્કર્ષ માટે સમાજમાં વ્યાપેલા દુષણો જેવા કે વ્યસન, ફેસન, કુરિવાજો, અંધશ્રદ્ધા તેમ જ અભ્યાસ કરતા બાળકોને વિવિધ ક્ષેત્રમાં પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન ઉપરાંત બેરોજગારોને સાચી દિશા, જેવા વિવિધ વિષયો પર પિસ્તાલીસ જેટલા સેમીનાર કરી આદિવાસી સમાજને જાગૃત કરી સાચો રાહ બતાવવાનું ઉમદા કાર્ય કરે છે.

## ખેડા જીલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કાર્યક્રમો યોજાયા

નડિયાદ,
ખેડા જીલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં, જીલ્લાના વિવિધ સ્થળોએ સફાઈ, વૃક્ષારોપણ, સ્વચ્છતાના શપથ, સફાઈ કર્મચારીઓની આરોગ્ય તપાસ સહિતની વિવિધ પ્રવૃતિઓના આયોજન દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ પખવાડીયા ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત નડિયાદના પીપલગ ખાતે સફાઈ કરી આરોગ્ય કેમ્પમાં સફાઈ કર્મચારીઓના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી. નડિયાદના સિવિલ હોસ્પીટલ ખાતે સ્વચ્છતાના શપથ લેવામાં આવ્યા હતા.

મહેમદાવાદના વિરેશ્વર મહાદેવ મંદિર અને મહુધાના મીનાવાડા મંદિર પરિસર ખાતે સફાઈ કરવામાં આવી હતી. વધુમાં, કપડવંજ શહેરના બસ સ્ટેશન તથા નિરમાલી ગ્રામ પંચાયત અને કઠલાલના ભાટેરા ખાતે જાહેર જગ્યાઓની સફાઈ કરવામાં આવી હતી. માતરના ત્રાજ ગામે સફાઈ કાર્યક્રમ કરી સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ઠાસરાની સાંઢેલી ગ્રામ પંચાયત ખાતે શાળામા સફાઈ કરવામાં આવી તથા એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નડિયાદ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, માતર ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર, મહેમદાવાદ ધારાસભ્ય અર્જૂનસિંહ ચૌહાણ, મહુધા ધારાસભ્ય સંજયસિંહ મહીડા, કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા, જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી.વસાવા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક લલિત પટેલ સહિત જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં જીલ્લાવાસીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. કાર્યસ્થળમાં નુકસાન ટાળવા માટે, તમે ખૂબ વિચારપૂર્વક નિર્ણય લેશો, જે ભવિષ્યમાં પરિસ્થિતિને મજબૂત બનાવશે. જોખમી કાર્યોથી દૂર રહો. મિત્રોના કારણે તમે નિરાશ થઈ શકો છો.

વૃષભ:આજે તમારા સારા કાર્યો તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધારશે. તમને વ્યવસાયમાં તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે. ઘરના વડીલોના આશીર્વાદ પ્રેરણા આપશે.

મિથુન:જો તમારું પ્રમોશન અટકેલું છે તો આજે તમને કેટલીક માહિતી મળી શકે છે. આ સિવાય તમે વરિષ્ઠ અધિકારીને વાણીથી આકર્ષિત કરી શકશો. તમારા જીવનસાથીને કારણે તમને આર્થિક લાભ અને સન્માન મળશે. આંખના વિકારની સમસ્યામાં ઘટાડો થશે.

કર્ક:આજે તમે બાળકોના શ્રેષ્ઠ વર્તન અને તેમની સફળતાથી આનંદ મેળવશો. તમારા માતા-પિતાના આશીર્વાદ લીધા પછી ઘરની બહાર નીકળો, તમને કોઈ ખાસ સફળતા મળશે. વિદ્યાર્થીઓએ એકાગ્રતા જાળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

સિંહ:જો તમે વેપારી છો તો વ્યવસાયમાં કેટલાક નવા સકારાત્મક ફેરફારો થશે. નોકરી કરતા લોકોના અધિકારો વધશે, જે આર્થિક લાભ અને સન્માન આપશે. પરિવાર તરફથી પણ સારા સમાચાર મળશે.

કન્યા:જો કોઈ કેસ અથવા અન્ય કોઈ કાયદાકીય તપાસ ચાલી રહી છે તો સમય તમારા માટે અનુકૂળ નથી. વ્યવસાયમાં ઝડપી નિર્ણયો લેવામાં નિષ્ફળતા વિક્ષેપ અને કામ ગુમાવવાનું કારણ બની શકે છે.

તુલા:આજે તમે સ્વાસ્થ્યથી પરેશાન રહી શકો છો. રાજકારણ સાથે જોડાયેલા લોકોને લાભની સાથે નવી તકો મળશે. જો તમે કોઈપણ નાણાકીય સંસ્થા અથવા વ્યક્તિ પાસેથી લોન લેવા માગતા હો તો તે સરળતાથી ઉપલબ્ધ થશે.

વૃશ્ચિક:આજે શારીરિક શક્તિ અને ઉત્સાહ વધુ રહેશે, પરંતુ આવા બિનજરૂરી ખર્ચો સામે આવશે, જે ઈચ્છા ન હોવા છતાં મજબૂરી હેઠળ કરવા પડશે. ભાઈઓ અને બહેનોના સહયોગથી તમને માનસિક શાંતિ અને સુખ મળશે.

ધન:આજનો દિવસ ગુરુ પ્રત્યે નિષ્ઠા અને ભક્તિથી ભરેલો રહેશે. આ સમયમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમારી બુદ્ધિ નવી શોધ કરવામાં વ્યસ્ત રહેશે, તમને અટકેલા પૈસા મળશે.

મકર:નોકરી કરતા લોકોના અધિકારોમાં વધારો થવાની સાથે જવાબદારીઓ પણ વધશે. તમે તમારી વૈભવી વસ્તુઓ માટે નાણા બગાડી શકો છો. તમે દિલથી બીજાઓનું ભલું અને સેવા કરી રહ્યા છો, તમારા બાળકોને આનો લાભ મળશે.


કુંભ:આજે તમારે ખાસ ધીરજથી કામ લેવું જોઈએ કારણકે ઉતાવળમાં કરેલા કામને કારણે નુકસાન થવાની સંભાવના રહેશે. ભૌતિક સુખ-સુવિધાઓમાં વધારો થશે. જો તમારે નવી વસ્તુઓમાં વિનિમય કરવો હોય, તો ચોક્કસપણે કરો, તે ભવિષ્યમાં ફાયદાકારક રહેશે.


મીન:આજે કોઈ કિંમતી વસ્તુથી લાભની શક્યતા રહેશે. નોકરી કરતા લોકોના ક્રમ અને અધિકારોમાં વધારો થશે. દુશ્મનો તમારી હિંમત અને શક્તિ સામે નમી જશે. કેટલાક સમયથી ચાલી રહેલી પારિવારિક સમસ્યાઓમાંથી રાહત મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# આખો દાહોદ જીલ્લો ગણેશમય બન્યો










ગરબાડા નગરમાં મંગળવારના દિવસે રામનાથ સરોવરમાં વહેલી સવારથી નાની મોટી જીની પ્રતિમાઓનું વિસર્જન ચાલુ થઈ ગયું હતું લોકોએ હર્ષ તો લાશ સાથે નાચતા ગાતા જઈને બાપાને વિદાય આપી હતી
તસવીર વિપુલ જોષી

દાહોદ,
દાહોદ જીલ્લામાં આજરોજ ૧૭-૦૯-૨૦૨૪ અનંત ચતુર્થીના પાવન અવસરે નગરના તેમજ ગ્રામીણ વિસ્તારમાંથી આવતા ગણેશજીના વિસર્જન માટે રામસાગર તળાવ ખાતે આવનાર ભાવિક ભક્તો માટે પોલીસ તંત્ર અને નગરપાલિકા દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ તંત્ર નગરમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સતત પેટ્રોલીંગ તેમજ ગણેશજીની પ્રતિમા સાથે પોલીસ બંદોબસ્ત કરી કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. પોલીસ તંત્ર દ્વારા ખાનગી ડ્રેસમાં તેમજ ડ્રોન કેમેરા તેમજ મોબાઈલ કેમેરા સાથે દરેક વિસ્તારમાં ખડે પગે બંદોબસ્તમાં તેમજ સતત નગરમાં ચારેબાજુ ડ્રાઈવ કરતી જોવા મળતી હતી.

દાહોદ જીલ્લામાં વિઘ્નહર્તા ગણેશજીની પ્રતિમાઓનું ભકતો દ્વારા ભક્તિભાવ પૂર્વક સ્થાપના કરવામાં આવી હતી. નગરના દરેક વિસ્તારોમાં મોટા બાપાની દસ દિવસની સેવા પૂજાનો ઉત્સાહ દરેક ગણેશ મંડળોમા જોવા મળતો હતો. આજરોજ અનંત ચતુર્થીના દિવસે દરેક ગણેશ મંડળો દ્વારા વિઘ્નહર્તાને વિદાય આપવા માટે રથ તૈયાર કરવામાં આવેલ હતા. દરેક ગણેશ મંડળોના રથ ખૂબ નયનરમ્ય અને આકર્ષક લાગતા હતા. અલગ અલગ વિસ્તારોના ગણેશ મંડળો પોત પોતાના ડ્રેસ કોડમાં અલગ તરી આવતા હતા.

લુહારવાડા મિત્ર મંડળ દ્વારા નરેન્દ્ર મોદીના જન્મદિવસની શુભેચ્છા લેતા બોડીગાર્ડ સાથેની સુંદર ઝાંખી કાઢવામાં આવી હતી. નરેન્દ્ર મોદી બનેલ વ્યકિતનું સ્વાગત અને જન્મ દિવસની શુભેચ્છાઓ આપવા માટે મોટા પ્રમાણમાં નગરજનો દરેક વિસ્તારમાં ઉમટી પડેલા હતા, તેમજ નરેન્દ્ર મોદીની આ ઝાંખી એ નગરજનોમા અનેરૂં કુતૂહલ સર્જ્યું હતું. તેમજ બસ સ્ટેશન વિસ્તારમાં દરેક ગણેશ ચાત્રાઓ પર પુષ્પોની વર્ષા કરવામાં આવી હતી.

ગણપતિ બાપ્પાને વિદાય આપવા માટે ભાવિક ભક્તો દ્વારા ડીજે, ઢોલ નગારા, નાશિક બેંડ સાથે રાસ ગરબા તેમજ ભકિતભાવ સાથે નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. દરેક ભક્તો ભજન સાથે ગણપતિ બાપ્પા મોરિયા જેવા નારા લગાવી નગરને ભક્તિ ભર્યા માહોલમાં રંગી દીધેલ હતું. ભાવિક ભક્તો અબીલ ગુલાલ તેમજ ફૂલોની છોળો ઉડાવતા નાચતા ઝૂમતા જોવા મળતા હતા. નગરમાં વિઘ્નહર્તાની ધાર્મિક શોભાયાત્રામાં મોટાં પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ હતું. શોભાયાત્રામાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો, યુવાનો વિવિધ ભજન મંડળીઓ જોડાયેલ હતી. દરેક ગણેશ મંડળો નગરમાં શોભાયાત્રા શાંતિ પૂર્વક કાઢી ભકિતમાં લીન થઈ નગરના રામસાગર તળાવ ખાતે પહોંચી ગયેલ હતા. ગણપતિ બાપ્પાની વિદાયની વેળાને આંખોમાં વસાવી લેવાં માટે રામસાગરની ચારે બાજુ નગરના લોકો ગોઠવાઈ ગયેલ હતા. દરેક ભક્તો મોરિયા રે બાપા મોરિયા રે જેવા શબ્દો થી બાપ્પાને અગલે બરસ તું જલ્દી આના તેવા કોલ સાથે વિદાય આપતા જોવા મળી રહેલ હતા. વિઘ્નહર્તાને વિદાય આપતા પહેલા દરેક ગણેશ મંડળો દ્વારા બાપ્પાની આરતી કરવામાં આવી હતી.

નગરપાલિકા દ્વારા નગરના રામસાગર તળાવ ખાતે સુંદર લાઈટિંગ અને તારાપા તેમજ ક્રેન સાથે તરવૈયાઓની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. બાપ્પાના વિદાય સમયે ભક્તો ભાવુક જોવા મળતા હતા. તેમજ આંખોમાં આંસુ સાથે ગણેશજીને ભારે હૈયે વિદાય આપી હતી. નગરમાં ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન શાંતિ પૂર્વક તેમજ કોઈ પણ અનિચ્છનીય બનાવ ન સર્જાતા પોલીસ તંત્રએ પણ રાહત અનુભવી હતી.

## હાય રે.. મંહેગાઈ.. ડુંગળી કિલોના રૂા.૫૦ થી ૬૦ અને લસણ ૪૦૦ને પાર શું : ખાવું અને શું : ના ખાવું ગૃહિણીઓ પરેશાન

બારીયા,
હાલમાં ગુજરાતમાં અને આખા દેશમાં રેર્કોડ બ્રેક વરસાદના કારણે શાકભાજીની આવકમાં ઘટાડો થતાં લીલા શાકભાજીના ભાવમાં ક્યારે આવો ધરખમ વધારો જોયો નથી. સૌના ઘેર ઘેર ગેસના ચુલા છે એટલા માટે આ વાક્ય લખવામાં આવ્યું કે લાકડાના ચુલા બંધ થયા છે. કારણ કે, આપણા મોદીજીએ મહિલાઓ માટે અને પર્યાવરણને બચાવવા માટે ઉજજવલા યોજના ચાલુ કરીને મહિલાઓને રાહતદરે ગેસના બોટલો મફત આપીને ૧૦૦ ટકા નહી તો ૫૦ ટકા મહિલાઓને આ યોજનાનો ફાયદો થયો છે. તેને આપણે મસવાતો પડશે હવે આપણે મૂળ મુદ્દા ઉપર વાત કરીએ ભારે વરસાદના કારણે લીલા શાકભાજીના ભાવો આસમાને બુલેટ ટ્રેનની રફતારે વધયા છે. જેમાં ગરીબોની કસ્તુરી સમાન ડુંગળી કિલોના ૫૦/- થી ૬૦/-ના ભાવો હાલમાં મળે છે અને લસણ તો ૪૦૦ થી ૫૦૦ પાર હતો પણ આપણું ગુજરાના શાકમાર્કેટોમાં ચાઈનાનો લસણએ ઘુસણખોરી કરી છે. તેના કારણે હાલમાં લસણ ૪૦૦ની અંદર આવ્યો છે અને આપણા ખેડુતો અને વેપારીઓએ ચાઈના લસણ ઉપર પ્રતિબંધ હોવા છતાં આવ્યો ક્યાંથી તેનો વિરોધ થતા સ્થાનિક અને લોકલ લસણ મોંઘા થશે તે નકકી છે. તેમજ હાલમાં છુટક આદુંના રૂા.૧૮૦ થી ૨૦૦ અને કોથમીર રૂા.૩૦૦ સુધી પહોંચી ગયો છે. બે દાયકાના પહેલા કોથમીર અને આદુના બે ટુકડા મફતમાં છુટક વેપારીઓ આપતા હતા. તે હાલમાં આપવા માટે રાજી થતા નથી. ડુંગળી, લસણ, કોથમીર, આદું અને હળદરના ભાવ આસમાને ગયા છે. હાલમાં આમના ભાવ નીચે આવે તેવી અટવાતા દેખાતી નથી. ભોજનમાં સ્વાદ આપતા કોથમીર, ડુંગળી, લસણ, આદું અને હળદરની આવકમાં એટલા માટે ઘટાડો નોંધાયો છે. આ તમામ કંદમૂળના શાકમાં દઘમય વર્ષાના છે. તે પ્રમાણનો વરસા થાય તો તેનો પાક સારો થાય પુષ્કળ અને અતિભારે વરસાદમાં આ શાક નિષ્ફળ જાય છે અને હાલ સપ્ટેમ્બર મહિનામાં પણ વધુ વરસાદ થવાની શકયતા છે તો હવે તો ખમ્મા કરો ભગવાન તેવી પ્રાર્થના કરવી પડશે.

## દેવઝરીના શિવ મંદિરે મહા મૃત્યુંજય જાપ કરવામાં આવશે

દાહોદ,
દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજરોજ જન્મ દિવસ હોઈ દાહોદ શહેર સહિત જીલ્લામાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તેમજ કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પાર્ટી દ્વારા વડાપ્રધાનના જન્મ દિવસે વિવિધ કાર્યક્રમો ચોજયાં હતાં. જેમાં દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા વડાપ્રધાનના દિર્ઘાયુ આયુષ્ટ માટેની કામના સાથે નીજ મંદિરોમાં વિવિધ કાર્યક્રમો ચોજયાં હતાં.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની વિવિધ રીતે સેવાકીય કાર્ય કરી દાહોદ શહેર સહિત જીલ્લામાં ઉજવણી કરવામાં આવી રહી છે. દાહોદમાં બસ સ્ટેશન ખાતે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી દ્વારા સ્વચ્છતા મીશન હાથ ધર્યુ હતું. વિવિધ ઠેકાણે પુજા અર્ચના કરવામાં આવી હતી. દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા દેવઝરી મંદિર ખાતે નરેન્દ્ર મોદીના દિર્ઘાયુ જીવન અને સ્વસ્થ્ય જીવન માટે ૭૪ હજાર મહામૃત્યુજંય જાપનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ મહામૃત્યુજંય જાપની ચાર દિવસ બાદ તેની પુર્ણાહુત થનાર છે. બીજી તરફ સરકારી વિભાગો દ્વારા પણ સ્વચ્છતા અને સેવાકીય કાર્યક્રમો ચોજાઈ રહ્યાં છે. જેમાં સ્વચ્છતા રેલીઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીના સંગઠનો દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી સેવા પખવાડીયાની ઉજવણી કરવામાં આવશે. જેમાં વિવિધ સ્થળોની સાફ સફાઈ, આરોગ્ય કેમ્પ, રક્તદાન કેમ્પ, સીનીયર સીટીઝનના રોગ્ય કેમ્પ, પ્રબુધ્ધ નાગરિક સંમેલન જેવા કાર્યક્રમો ચોજાશે.

## દે. બારિયાના બામરોલી પ્રાથમિક શાળા ખાતે પંચાયત અને કૃષિ મંત્રી સહિત ઉપસ્થિત તમામ મહાનુભાવોએ " એક પેડ મા કે નામ " અંતર્ગત વૃક્ષારોપણ કર્યુ



દાહોદ,
ગુજરાત સરકાર દ્વારા સમગ્ર ગુજરાત રાજયમાં ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓકટોબર સુધી સેવાસેતુ કાર્યક્રમ તથા સ્વચ્છતા હી સેવા અભિયાન તેમજ એક પેડ માં કે નામ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

દેવગઢ બારિયાના બામરોલી પ્રાથમિક શાળા ખાતે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડએ સેવા સેતુ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહી અન્ય મહાનુભાવો સહિત " એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કર્યુ હતુ.

આપણું ગામ અને જીલ્લો હરિયાળો બને એવો પ્રયાસ આપણે કરીએ એમ કહેતા મંત્રીએ ઉમેર્યુ હતુ કે, આજના સમયમાં વૃક્ષોની તાતી જરૂરિયાત છે. ઓકિસજનની જરૂરિયાત, પર્યાવરણની સમતુલા, પ્રદૂષણ નિવારણ તેમજ પાણીની થતી અછતને નિવારવા " એક પેડ મા કે નામ" અભિયાનને સાકાર કરવાની જરૂર છે, આપણને જન્મ આપનારી મા માટે આપણે એક વૃક્ષ તો વાવી ને એનુ જતન કરી શકીએ છીએ. જે આવનાર પેઢી માટે પણ ઉપયોગી સાબિત થશે.

આમ, પ્રકૃતિનું સંવર્ધન અને વૃક્ષ ઉછેરના અભિયાનને સામાજીક વનીકરણ વિભાગે ખરા અર્થમાં સાકાર કર્યું હતું જેને બિરદાવતા મંત્રીએ બચુભાઈ ખાબડએ કાર્યક્રમમા ઉપસ્થિત સૌ કોઈને વધુમાં વધુ વૃક્ષો વાવીને પ્રધાનમંત્રી નરેંદ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા " એક પેડ મા કે નામ" અભિયાનને સાકાર કરવાના સંકલ્પ સાથે સૌને સામૂહિક અભિયાનમાં જોડાવા માટે અપીલ કરી હતી.

આ દરમ્યાન જીલ્લા પંચાયત ઉપપ્રમુખ અરવિંદાબેન, પ્રાંત અધિકારી જ્યોતિબા ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ, એ.પી.એમ.સી. ચેરમેન, મામલતદાર સમીર પટેલ, જીલ્લા પંચાયત સદસ્યઓ, તાલુકા પંચાયત સદસ્યઓ તેમજ અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ફતેપુરા એસ ટી બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા હી સેવા ના શપથ લેવડાવ્યા



ફતેપુરા,
ફતેપુરા બસ સ્ટેશન ખાતે સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા કેમ્પેન અંતર્ગત સ્વચ્છતા હી સેવાના મુસાફરોને સ્વચ્છતાના શપથ લેવાડવામાં આવ્યા.

ફતેપુરા નગરમાં આવેલ એસટી બસ સ્ટેશન ખાતે બસમાં મુસાફરી કરતા મુસાફરોને બસ સ્ટેશન ખાતે સ્વચ્છતાના સપથ લેવડવામાં આવ્યા હતા. બસ સ્ટેશનના ફતેપુરા એસટી બસ સ્ટેશન ના કંટ્રોલર ગુલાબભાઈ પારગી દ્વારા બસ સ્ટેશન વિસ્તારમાં મુસાફરી કરતા લોકોને એકઠા કરાવીને ફતેપુરાના પત્રકાર વિનોદભાઈ પ્રજાપતિ દ્વારા સ્વચ્છતા ના શપથ લેવડાવ્યા હતા. મહાત્મા ગાંધીએ એવા ભારતનું સપનું જોયું હતું જે માત્ર આઝાદ જ નહીં પણ સ્વચ્છ અને વિકસિત ભારત હોઈ શકે આપણા દરેક નાગરિકની ફરજ છે કે, આપણું ગામ શહેર ફળિયુ સ્વચ્છ અને સુંદર રાખી ભારત માતાની સેવા કરી એ આપણી નૈતિક ફરજ છે. મારા પરિવાર સાથે મારા વિસ્તારમાં મારા ગામમાં તેમજ મારા કાર્યસ્થળે થી હું સ્વચ્છતા થી શરૂઆત કરીશ વરસમાં સો કલાક એટલે કે અઠવાડિયામાં બે કલાક સ્વચ્છતા માટે ફાળવી તેમજ અન્ય સો લોકોને પણ હું સ્વસ્થતા માટે પ્રેરિત કરીશ તેવા શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ફતેપુરા ગામના સામાજીક કાર્યકર ચંપકભાઈ પંચાલ આઝાદભાઈ મન્સૂરી તેમજ એસટી બસમાં મુસાફરી કરતા મુસાફરો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી વલ્લભ ચોક ગણેશોત્સવ ખાતે નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની ઉજવણી થઈ



દાહોદ,
શહેરના દેસાઈવાડ સ્થિત વલ્લભ ચોક ખાતે દર વર્ષની માફક આ વર્ષે પણ પરંપરાગત રીતે જીનું સ્થાપન થયું હતું. શ્રીવલ્લભ ચોક ગણેશોત્સવ મંડળના ઉત્સાહી સભ્યો દ્વારા તા.૧૬ સપ્ટેમ્બરની મધરાતે બાળકોના હસ્તે PM૭૫ લખેલી કેક કપાવીને ૧૨ વાગે દેશના ચશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી.

## લીમખેડાના ચોપાટ પાલ્લી ગામે બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં એક મહિલાનું મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ચોપાટપાલ્લી ગામે બે મોટરસાઈકલો સામસામે ધડાકાભેર અથડાતા એક મોટરસાઈકલ પર પાછળ બેઠેલ મહિલાનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

લીમખેડાના ચોપાટપાલ્લી ગામે નદી ફળિયામાં રહેતાં ભરતભાઈ સરતનભાઈ ભાભોર પોતાના કબજાની મોટરસાઈકલ લઈ મોટરસાઈકલની પાછળ વનિતાબેનને બેસાડી ચોપાટપાલ્લી ગામેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે સામેથી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ભરતભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં ભરતભાઈ તથા વનિતાબેન બંન્ને જમીન પર પટકાયા હતા. જેને પગલે વનિતાબેનને શરીરે, હાથે પગે તેમજ કમ્મરના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક ધોરણે નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન વનિતાબેનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ભરતભાઈ સરતનભાઈ ભાભોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના નળવાઈ ગામે ૨૧ વર્ષીય પરણિતાએ કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,
દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના નળવાઈ ગામે એક ૨૧ વર્ષિય પરણિતાએ અગમ્યકારણોસર પોતાના ઘરમાં પંખા સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ લેતાં ગંભીર ઈજાગ્રસ્ત પરણિતાને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવતાં જ્યાં સારવાર દરમ્યાન પરણિતાનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ ગરબાડાના નળવાઈ ગામે ચોપરી ફળિયામાં રહેતાં ૨૧ વર્ષિય પરણિતા મોનીકાબેન દિવ્યાંગભાઈ ધનજીભાઈ સંગાડાએ અગમ્યકારણોસર પોતાના ઘરમાં પંખા ઉપર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ અંગેની જાણ પરણિતાના પરિવારજનોને થતાં તેઓને તાત્કાલિક પરણિતાને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન પરણિતા મોનીકાબેનનું મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ સંબંધે વિનોદભાઈ સરદારભાઈ બારીયાએ ગરબાડા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ ચાકલીયા રોડની એક સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૧.૮૨ લાખની મત્તાની ચોરી કરી

દાહોદ,
દાહોદ શહેરમાં ચાકલીયા રોડ પર આવેલ એક સોસાયટીમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી તસ્કરોએ કુલ રૂા.૧,૮૨,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં વિસ્તારમાં તસ્કરોના આતંકને પગલે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

દાહોદ શહેર ચાકલીયા રોડ પર આવેલ અમરદિપ સોસાયટીમાં રહેતાં પ્રતિકભાઈ રમેશચંદ્ર અમલીયારના બંધ મકાનને ગત તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ નિશાન બનાવી મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ તિજોરીનું લોક તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડા રૂપીયા વિગેરે મળી તસ્કરોએ કુલ રૂા.૧,૮૨,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં તસ્કરોના આતંકને પગલે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

આ સંબંધે પ્રિતકભાઈ રમેશચંદ્ર અમલીયારે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા તાલુકામાં ઈન્દોર-અમદાવાદ હાઈવે રોડ ઉપર પીકઅપ ચાલક બાઈક લઈ પસાર થતાં એસ.આર.પી. જવાનને અડફેટમાં લેતાં મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકા માંથી પસાર થતાં ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર એક પીકઅપ ફોર વ્હીલર ગાડીના ચાલકે મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા એક ૨૧ વર્ષિય એસઆરપી જવાનને અડફેટમાં લેતાં એસઆરપી જવાનને શરીરે ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૬મી સપ્ટેમ્બરના રોજ ધાનપુરના પાવ ગામે કાળીયા ફળિયામાં રહેતાં ૨૧ વર્ષિય સુરેશભાઈ રમેશભાઈ હઠીલા જેઓ એસઆરપી ગ્રૃપ-જમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં હતાં તેઓ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ લીમખેડા નજીક પસાર થતાં ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક પીકઅપ ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એસઆરપી જવાન સુરેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં સુરેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓનું મેત નીપજ્યું હતું. અકસ્માત સર્જી પીકઅપ ફોર વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની પીકઅપ ફોર વ્હીલર ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતક સુરેશભાઈની મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં ત્યારે ઘટનાને પગલે મૃતક સુરેશભાઈના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ સંબંધે રમેશભાઈ નવસીંગભાઈ હઠીલાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.24

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ઘોઘંબા તાલુકામાં શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું



ઘોઘંબા, ઘોઘંબા નગર તથા પંથકમાં શાંતિપૂર્ણ માહોલમાં કરારડેમ ખાતે ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. દસ દિવસના મહેમાનગતી માન્યા બાદ દબદબાભેર DJના તાલે વાજતે-ગાજતે ગણપતિ દાદાનું કરાર ડેમમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

ઘોઘંબામાં સૌથી મોટા મુખ્ય બે સંયોજકો કોબ્રાગ્રુપ તથા વિનાયક ગ્રુપ દ્વારા આજે શોભાયાત્રા કાઢી હતી. જેમાં ભક્તોએ મન મૂકીને ટીમલી તથા રાસ ગરબા રમ્યા હતા. તેમજ કોબ્રા રાજાના પ્રતિમાએ આકર્ષણ જમાયું હતું. તેની એક ઝલક જોવા માટે હજારો લોકો શોભાયાત્રામાં જોડાયા હતા. સમસ્ત ઘોઘંબા નગરમાં ફરી કરાર ડેમ ખાતે શોભાયાત્રા લઈ જવામાં આવી હતી. જ્યાં શ્રીજીની છેલ્લી આરતી કરી દાદાનું વિસર્જન કરાયું હતું.

રાજગઢ પોલીસ, વહીવટી તંત્ર, હોમગાર્ડ યુનિટ દ્વારા ચાપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. લીમડા ચોક, સ્વામિનારાયણ મંદિર, દુધાપુરા, પરોલી, ફરોડ, ધનેશ્વર, પાલ્લી તેમજ અનેક ગ્રામ્ય વિસ્તારો માંથી નાની મોટી મૂર્તિઓનું શાંતિપૂર્ણ વિસર્જન કરવામાં આવ્યું હતું.

# રતનપુર પ્રાથમિક શાળામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બાપા મોરીયા શોભાયાત્રા નીકળી



કાંકણપુર, પંચમહાલ જીલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશન અને સ્ટુડન્ટ પોલીસ કેડેટ, સિનિયર/જુનીયર રતનપુર(કાં) પ્રાથમિક શાળા દ્વારા તાઃ ૧૭/૦૯/૨૦૨૪ના રોજ શ્રીજી પ્રતિમાનું વિસર્જન નર્મદા કેનાલ ખાતે કરવામાં આવ્યું સ્ટુડન્ટ પોલીસ કેડેટ બાળકોના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શ્રીજીની શાહી સવારી નીકળી હતી. ડી.જે. ના તાલે ગણેશ ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. સ્ટુડન્ટ પોલીસ કેડેટ બાળકોને ક્રોસ રસ્તા ઉપર તેમજ ધાબા ઉપર દૂરબીન નજર પોઈન્ટ અસામાજીક તત્વો ઉપર બાજ નજર કેવી રીતે રાખી શકાય બંદોબસ્ત અને કાયદા અને વ્યવસ્થાનું પાલન કરવા માટે પ્રેકટીકલ નોલેજ સાથે સુપરવિઝન, પરેશ એન સુથાર દ્વારા આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ, ગોકળભાઈ પરમાર, cpo જેનેટબેન તેમજ શાળાના તમામ સહ કર્મચારીઓ કાંકણપુર પોલીસ સ્ટેશનનાં પીઆઈ ડો.સંદીપ બી.ભગોરાએ સૌને હાર્દીક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા. બાળકોની ચુસ્ત બંદોબસ્ત જોઈને સાથે કામગીરી જોઈને ગ્રામજનોએ ખુશી સાથે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# શહેરા પાલિકા હોલ ખાતે વડાપ્રધાનના જન્મ દિવસને લઈ રકતદાન શિબિરનું આયોજન કરાયું



શહેરા, શહેરા નગરપાલિકાના હોલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને લઈને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. નાફેડના ચેરમેન જેઠાભાઈ ભરવાડની ઉપસ્થિતિમાં ૧૦૦ કરતાં વધુ રકદાતાઓએ ખૂબ જ ઉત્સાહ અને હોંશભેર રક્તદાન કરીને માનવતા મહેકાવી હતી.શહેરા નગરપાલિકાના હોલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને લઈને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના માર્ગદર્શન હેઠળ ઈન્ડિયન રેડકોર્સ સોસાયટીના સહયોગથી સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પ વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ જીગ્નેશ પાઠક, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા અને જીલ્લા પંચાયત સદસ્ય કિરણસિંહ બારીયા, તાલુકા આરોગ્ય અધિકારી ભરતભાઈ ગઢવી, નગરપાલિકા પ્રમુખ રચનાબેન શાહ, હાજા ભાઈ ચારણ,હિતેશ પટેલ સહિત ભાજપ અગ્રણીઓની ઉપસ્થિતિમાં રકદાતાઓએ ખૂબ જ ઉત્સાહ અને હોંશભેર રકતદાન કરીને માનવતા મહેકાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને લઈને રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવતા જરૂરિયાતમંદ લોકોને આ રક્ત મળી શકશે અને આ રકતદાન શિબિરમાં ૧૦૦ કરતાં વધુ રકતદાતાઓએ રક્તદાન કરતા કેમ્પ ને સફળતા મળી હતી. આ બ્લડ ડોનેશન કેમ્પમાં તાલુકા ભાજપ મહામંત્રી સંજયસિંહ બારીયા, દુષ્યંતસિંહ ચૌહાણ, જીગ્નેશભાઈ શાહ, ભાજપ અગ્રણી મયુરભાઈ ગોપાલદાસ શાહ, વિવેક પંચાલ સહિત મોટી સંખ્યામાં રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેર અને તાલુકામાં મચ્છરજન્ય રોગો અટકાવવા દવા છંટકાવ કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા કલેકટરને આવેદન આપ્યું

ગોધરા, પંચમહાલ જીલ્લામાં ગોધરા શહેર, તાલુકા વિસ્તારના ગામોમાં મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા સહિતના વાયરલ રોગચાળાને લઈ દવાખાનામાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. ત્યારે મચ્છરજન્ય અને વરસાદી પાણીને લઈ ફેલાવતા રોગચાળાને નિયંત્રીત કરવા માટે આરોગ્ય ચેકીંગ કરી આવા શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં દવા છંટકાવ કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ દ્વારા જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

ચોમાસાની સીજન પૂર્ણતાના આરે હોય ત્યારે પંચમહાલ જીલ્લામાં ગોધરા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુનીયા સહિત વાયરલ ઈન્ફેકશનના રોગચાળાને લઈ ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે અનેક દર્દીઓ જીલ્લા બહાર દવા સારવાર મેળવી રહ્યા છે. ચોમાસાની સીજન હોય ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા વરસાદી પાણીથી ફેલાતા અને મચ્છરજન્ય રોગચાળાને ફેલાવતો અટકાવવા માટે પૂર્વ આયોજન કરવાનું થતું હોય છે. તેમ છતાં પંચમહાલ જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મચ્છરજન્ય અને વાયરલ બિમારીઓને અટકાવવા માટે દવા છંટકાવ કે આરોગ્ય ચેકીંગ શરૂ કરવામાં આવતું નથી. ત્યારે જીલ્લા સહિત ગોધરા શહેરના અમુક વિસ્તારોમાં દવા છંટકાવ કરવામાં આવે તો રોચગાળો વધુ ફેલાતો અટકાવવા પગલા ભરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ દ્વારા જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે.

# પંચમહાલ જીલ્લાના ઘોઘંબા ખાતેથી સ્વચ્છતા હી સેવા અભિયાનની શરૂઆત કરાઈ



ગોધરા, પંચમહાલ જીલ્લામાં આજે તા ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન યોજાનાર સ્વચ્છતા હી સેવા (SHS) અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. પંચમહાલ જીલ્લાને સ્વચ્છ બનાવવા માટે જીલ્લા કલેકટર આશિષ કુમાર તેમજ જીલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારીઆના નેતૃત્વમાં અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ઘોઘંબા ખાતે આવેલી તાલુકા પ્રાથમિક શાળા ખાતેથી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય કચરા નિવારણ, સામુહિક સ્વચ્છતા અને જનજાગૃતિ સાથે જનસહભાગિતાને પ્રોત્સાહિત કરવાનો છે. જીલ્લાના શહેરોના મુખ્ય સ્પોટથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી તમામ જાહેર સ્થળો, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, ધાર્મિક સ્થળો, બજારો, નદી, તળાવ આવી તમામ જગ્યાઓએ અભિયાન દરમિયાન સફાઈ કરવામાં આવનારી છે.

ઘોઘંબા ખાતે આયોજીત જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત તમામને સ્વચ્છતા રાખવા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. જે બાદ માનવ સાંકળ રચીને સૌને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા માટે અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો. જે બાદ એક પેડ માં કે નામ કાર્યક્રમ અંતર્ગત તાલુકા પ્રાથમિક શાળાના સંકુલમાં વૃક્ષારોપણ કરીને સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સહભાગી બનીને સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, જીલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા સહિત વિવિધ મહાનુભાવો,અધિકારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા તાલુકાના વડેલાવ ગામે ૧૦માં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયું



ગોધરા, પંચમહાલ જીલ્લામાં આજથી ૧૦માં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. જીલ્લાના સાત તાલુકાના અલગ અલગ સાત ગામોમાં સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં ગોધરા તાલુકાના વડેલાવ ગામે પણ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. વડેલાવ ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં આજુબાજુના ગામોના બહોળી સંખ્યામાં લાભાર્થી – અરજદારોએ ભાગ લીધો હતો અને સ્થળ પર જ સરકારની વિવિધ યોજનાઓના લાભ તેમજ અન્ય વહીવટી કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. અહી સરકારશ્રીના વિવિધ વિભાગોની ૫૦થી વધુ યોજનાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ આપવામાં આવ્યો હતો. જેમાં વિધવા સહાય, વૃદ્ધ સહાય, વ્હાલી દિકરી યોજના તેમજ રેશનકાર્ડ અને આધાર કાર્ડને લગતી તમામ કામગીરી સ્થળ પર જ કરવામાં આવી હતી. બીજી તરફ આરોગ્ય વિભાગ દ્વારા પણ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ તેમજ એનસીડી સેલ દ્વારા સ્થળ પર જ બ્લડપ્રેશર, સુગર સહિતના રોગોનું નિદાન અને સારવાર પણ સ્થળ પર જ આપવામાં આવી હતી. સરકારના તમામ પ્રજાલક્ષી કામ કરતા તમામ વિભાગો એક સાથે એક જ સ્થળ પર આવી સ્થાનિકોને લાભ આપતા લાભાર્થીઓએ પણ સરકારનો આભાર માન્યો હતો.



શહેરા નગર પાલિકા કચેરી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસને લઈને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના હસ્તે વિવિધ છોડોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સાથે જીલ્લા પંચાયત સદસ્ય કિરણસિંહ બારીયા અને જીલ્લા ભાજપ ઉપપ્રમુખ જીગ્નેશ પાઠક, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, નગરપાલિકા પ્રમુખ રચનાબેન શાહ, વિવેક પંચાલ સહિત ભાજપ અગ્રણીઓ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલના પ્રતાપપુરા ગામના તળાવમાં વિસર્જન દરમ્યાન બે યુવાનો તળાવમાં ડૂબ્યાઃએકનુ મોત



હાલોલ તાલુકાના પાંચ મહુડી ગામે થી શ્રીજી ની વિસર્જન યાત્રા લઈ પ્રતાપપુરા તળાવ જવા નીકળેલા ભક્તો પ્રતાપપુરા તળાવ પહોંચે તે પહેલાં ગામના બે યુવકો ત્યાં પહોંચી તળાવ માં કુદયા હતા. બંને યુવકો પાણી માં ડૂબ્યા હતા જે પૈકી એક ને બચાવી બહાર કાઢી લેવાયો છે.તળાવ ની મધ્યે જઈ ડૂબી ગયેલા યુવક ની શોધખોળ કરવા હાલોલ ફાયર ફાઈટર ની ટીમ ને જાણ કરવામાં આવી છે,પરંતુ ફાયર ની ટીમ ગણેશ વિસર્જન માં હોવાથી હાલ ગામ લોકો દ્વારા તળાવ માં ડૂબી ગયેલા યુવક ની શોધખોળ કરવામાં આવી રહી છે.હાલોલ તાલુકાના પાંચ મહુડી ગામના પ્રવિણસિંહ ગણપતસિંહ પરમાર અને મનોજ પરમાર ગામના શ્રીજી વિસર્જન માટે નીકળ્યા હતા.શ્રીજી ની વિસર્જન યાત્રા ગામ માંથી પ્રતાપપુરા તળાવ સુધી પહોંચે તે પહેલાં બંને યુવકો પ્રતાપૂરા તળાવ પહોંચ્યા હતા અને વિસર્જન માટે લોકો આવે તે પહેલાં તળાવ માં કુદયા હતા. જે પૈકી પ્રવિણસિંહ ગણપતસિંહ પરમાર તળાવમાં તરતો તરતો દૂર જતો રહેતા તે ઊંડા પાણી માં ડૂબ્યો હતો. જ્યારે મનોજ પરમાર પણ ઊંડા પાણી માં જતા તે પણ પાણી માં ડૂબી રહ્યો હતો તે સમયે ત્યાં થી પસાર થતા કેટલાક લોકોએ મનોજ ને બચાવી લીધો હતો. પરંતુ ઊંડા પાણી માં ડૂબી ગયેલા પ્રવીણ પરમાર ની શોધખોળ કરવામાં આવી રહી છે.તળાવ માં ડૂબી જનાર ૩૭ વર્ષીય પ્રવીણ પરમાર ને સંતાનો માં એક દીકરો અને બે દીકરીઓ છે.જ્યારે તેની માતા વિધવા છે, કુટુંબ ના ભરણપોષણ ની તમામ જવાબદારીઓ તેના માથે હતી, તે પાણી માં ડૂબી જતાં પરિવાર નિરાધાર બન્યું છે.આજે ગણેશ વિસર્જન ને કારણે હાલોલ ફાયર ટીમ વડા તળાવ પાવાગઢ માં હોવાથી કાલોલ ફાયર ટીમ ને જાણ કરવામાં આવી છે પરંતુ તેઓ પણ વિસર્જન કામગીરી માં રોકાયેલા હોઈ હાલ ગામલોકો દ્વારા તળાવ માં ડૂબેલા પ્રવીણ પરમાર ની શોધખોળ કરી રહ્યા છે.

# પંચમહાલ જીલ્લાના ઘોઘંબા ખાતે જીલ્લાકક્ષાનો દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

ગોધરા, પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના કણબી-પાલ્લી ખાતેના શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે જીલ્લા કક્ષાનો દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્ર સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ૭૫ જગ્યાએ ભારત સરકારની એડીપ યોજના હેઠળ કેમ્પનું આયોજન કરાયું હતું. જે પૈકી પંચમહાલ જીલ્લાના ઘોઘંબા ખાતે પણ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં મહાનુભાવોના હસ્તે ૨૮૩ જેટલા લાભાર્થીઓને ૨૧ પ્રકારના સાધનોની સહાય પૂરી પાડવામાં આવી હતી. જીલ્લાના સમાજ સુરક્ષા વિભાગ તથા એલિમ્કો કંપનીના સહયોગથી સાધન વિતરણ કરવામાં આવ્યાં હતા. જેમાં રૂા. ૩૧.૯૯ લાખની કિંમતના ૩૯૦ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સદર કેમ્પમાં હલન-ચલનની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને ૨૭ મોટરાઈઝડ સાયકલ, ૫૭ ટ્રાય સાયકલ, ૬૪ વ્હીલચેર, ૫૧ કેલીપર્સ, અને પ્રોસ્ટેસીસ, આંખોની ખામીવાળા દિવ્યાંગોને ૫૦ વોકીંગ સ્ટીક, ૦૪ બ્રેઈલકેન, ૦૫ બ્રેઈલકીટ, ૨૬ સુગમ્ય કેન, ૦૧ સ્માર્ટફોન વિથ સ્ક્રીનરીડીંગ,બધીરતાની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને ૫૬ હિયરીંગ એઈડ, માનસિક રીતે દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને ૦૯ સીપી ચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલ ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણ,જીલ્લા કલેકટર આશિષ કુમાર,હાલોલ પ્રાંત અધિકારી સહિત અન્ય અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





ગોધરા શહેરના હાર્દ સમા એવા સોનીવાડ ચોક ગોધરામાં આશરે ૯૦ વર્ષથી વધારે વર્ષોથી અનંત ચૌદશ ભાદરવા સુદ ચૌદસના દિવસે માતાજીના નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ વેસ્તીબેન મગનભાઈ
તરફથી અભીનંદન....
મુ. અંતેલા
તા. દે.બારિઆ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ આરતસિંહ મંગળસિંહ
તરફથી અભીનંદન....
મુ. ઉધાવાળા
તા.દે.બારિઆ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કેલીયા અર્થ સે સહ મંડળી
તરફથી અભીનંદન....
મુ. જંબુસર
તા.દે.બારિઆ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી કેલીયા અર્થ સે સહ મંડળી
તરફથી અભીનંદન....
મુ. કેલીયા
તા. દે.બારિઆ